# જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર્સના આર્મી-નેવીના ૫૯૪ કેડેટ્સ સામિલ

## માંડવી કેમ્પમાં પેરાસેઈલિંગ તાલીમમાં આભને આંબવા NCC કેડેટ્સની ઉડાન : ૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજ દ્વારા આયોજિત દસ દિવસીય વાર્ષિક તાલીમ કેમ્પ








જામનગર : જામનગર એનસીસી ગ્રુપ હેડક્વાર્ટર્સના વિવિધ યુનિટ તથા બટાલિયનના આર્મી તથા નેવી વિંગ્સના કેડેટ્સ ૧૪ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન માંડવી (કચ્છ) ખાતે યોજાયેલા દસ દિવસીય સંયુક્ત વાર્ષિક તાલીમ શિબિર દરમિયાન ૩૬ ગુજરાત બટાલિયન એનસીસી ભુજ દ્વારા આયોજિત રોમાંચક પેરાસેઈલિંગ તાલીમમાં ભાગ લઈ રહ્યા છે. યુવા કેડેટ્સમાં નેતૃત્વશક્તિ અને ટીમવર્કના ગુણો વિકસાવવા, શારીરિક તથા માનસિક તંદુરસ્તી પ્રત્યે જાગૃત કરવા અને સાહસિક પ્રવૃતિઓ માટે પ્રોત્સાહિત કરવા એનસીસી દ્વારા આ સાહસિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રમાણિત તાલીમકારની નિષ્ણાત દેખરેખ હેઠળ, કેડેટ્સને પેરાસેઈલિંગના મૂળભૂત સિદ્ધાંતો શીખી રહ્યા છે; જેમાં સલામતીના પગલાં, સાધનોનું સંચાલન અને હવાઈ નેવિગેશનનો સમાવેશ થાય છે. આ સાહસિક અનુભવે કેડેટ્સને ડરને દૂર કરવા, તેમની મર્યાદાઓનું પરીક્ષણ કરવા અને દરિયાકિનારાથી ઉપર ઉડાન ભરતા આત્મવિશ્વાસ વધારવાનો પડકાર ઝીલવા પ્રેરિત કર્યા છે.

૩૬ ગુજરાત એનસીસી બટાલિયન ભુજના કમાન્ડિંગ ઓફિસર કર્નલ વિકાસ પ્રભાકરે કેડેટ્સના પ્રદર્શન અને ઉત્સાહ પર ગર્વ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,"આ યુવા કેડેટ્સે અસાધારણ હિંમત અને શિસ્તનું પ્રદર્શન કર્યું છે. પેરાસેલિંગ એ માત્ર એક સાહસિક રમત નથી પરંતુ નેતૃત્વ, નિર્ણય લેવાની ક્ષમતા અને ભયને દૂર કરવા જેવા મહત્વપૂર્ણ જીવન કૌશલ્યો વિકસાવવા માટેનું એક પ્લેટફોર્મ છે.

આ કેમ્પમાં યુદ્ધ તથા કટોકટીના સમયે માહિતીનું આદાન પ્રદાન, ડ્રોન સ્પોટિંગ અને ફ્લાઈંગ, નાગરિક સંરક્ષણ, પ્રાથમિક સારવાર વગેરે વિષયો અંગે પણ કેડેટ્સને ખૂબ ઉપયોગી તાલીમ આપવામાં આવી રહી છે.

### નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ

# જામનગર સહિત વિશ્વભરમાં ભક્તિભાવથી ભરપુર સમાગમનું આયોજન





જામનગર : ''ભક્તિ માત્ર શબ્દ નથી,જીવન જીવવાની સજગ યાત્રા છે'' આ પ્રેરણાદાયી વિચાર નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષા જી મહારાજે હરિયાણા ખાતે આવેલ સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ,સમાલખા માં આયોજિત 'ભક્તિ પર્વ સમાગમ'ના પવિત્ર અવસર પર શ્રદ્ધાળુઓને સંબોધિત કરતાં વ્યક્ત કર્યા હતા.

સમાલખા માં યોજાયેલ મુખ્ય સમાગમની સાથે જામનગરમાં પણ ભક્તિ પર્વ સમાગમનું આયોજન પટેલ કોલોની સ્થિત સ્થાનિય સંત નિરંકારી સત્સંગ ભવનમાં જ્યોતિબહેન ટહેરામાણીની અધ્યક્ષતામાં યોજાવા આવેલ. તેઓએ જણાવ્યું કે ભક્તિ પર્વ સમાગમ માં સદગુરૂ માતા સુદીક્ષા જી મહારાજ તથા નિરંકારી રાજપિતા રમિતજી ના પાવન સાનિધ્યમાં શ્રદ્ધા-ભક્તિ અને આધ્યાત્મિક આનંદની અનોખી ઝલક જોવા મળી હતી.દિલ્હી એન.સી.આર. સહિત દેશ-વિદેશમાંથી આવેલા હજારો શ્રદ્ધાળુ ભક્તોએ આ દિવ્ય સંત સમાગમમાં ભાગ લઈને સત્સંગ દ્વારા આધ્યાત્મિક આનંદ અને આત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.આ પવિત્ર અવસરે પરમ સંત સંતોખ સિંહ જી સહિત અનેક સંત મહાપુરૂષોના તપ-ત્યાગ અને તેમના બ્રહ્મજ્ઞાન ના પ્રચાર-પ્રસારમાં આપેલા અમૂલ્ય યોગદાન નું ભાવપૂર્ણ સ્મરણ કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને ભક્તિ-સેવા અને સમર્પણના મૂલ્યોને આત્મસાત કરવાનો સંકલ્પ લીધો હતો. સમાગમ દરમિયાન અનેક વક્તાઓ,કવિઓ અને ગીતકારો એ પોત-પોતાની શૈલીમાં ગુરૂ મહિમા, ભક્તિભાવ અને માનવ કલ્યાણના સંદેશાઓને અત્યંત ભાવપૂર્ણ રીતે રજૂ કર્યા હતા.સંતોના પ્રેરણાદાયી ઉપદેશો એ હાજર શ્રદ્ધાળુઓના હૃદયને સ્પર્શીને તેમના જીવનને આધ્યાત્મિક દ્રષ્ટિએ સમૃદ્ધ બનાવ્યું હતું.

ભક્તિની મહિમા પર પ્રકાશ પાડતાં સદગુરૂ માતાજીએ કહ્યું કે ભક્તિ કોઈ નામ કે દેખાડો નથી પરંતુ પોતાની અંદરની સભાન યાત્રા છે.સાચી ભક્તિ ત્યારે જ થાય છે કે જ્યારે આપણે આત્મમંથન દ્વારા અન્યના પહેલાં પોતાનું પરીક્ષણ કરીએ,પોતાની ખામીઓને સુધારીએ અને દરેક ક્ષણ જાગૃત જીવન જીવીએ. અજ્ઞાન દશામાં થયેલી ભૂલો સુધારી શકીએ પરંતુ જાણી જોઈને બીજાને દુઃખ પહોંચાડવું,બહાનાં બનાવવાં કે ચતુરાઈ ભર્યા શબ્દો ઉચ્ચારવા એ ભક્તિ નથી કારણ કે ભક્તનો સ્વભાવ ઉપકારક હોય છે.દરેકમાં નિરાકાર પ્રભુને જોઈને સરળ અને નિષ્કપટ વ્યવહાર કરવો અને બ્રહ્મજ્ઞાન પછી સેવા-સુમિરણ અને સત્સંગથી આ અનુભૂતિને જાળવી રાખવી એ જ ભક્તિ છે.અંતે ભક્તિ એ નામની નહીં,જીવનની પસંદગી છે.

સદગુરૂ માતાજી પહેલાં નિરંકારી રાજપિતાજી એ ભક્તિ પર્વના અવસરે સમજાવ્યું કે ભક્તિ કોઈ પદ-ઓળખ કે પોતાની બનાવેલી વ્યાખ્યા નથી પરંતુ બ્રહ્મજ્ઞાન મેળવીને કર્તા-ભાવનો અંત થવાથી ઉત્પન્ન થયેલ જીવન જીવવાની રીત છે.અમે સંતોના વચનામૃત તેથી જ માન્યા છે કારણ કે ગુરૂનું વચન માનવું અમારા માટે સ્વાભાવિક હતું,જ્યારે આપણે ઘણી વખત સંતવાણીને ન માનીને મનમાની કરીએ છીએ.સત્ય અને ભક્તિની વ્યાખ્યા એક જ છે,જો ભક્તિને સિદ્ધિઓ કે અહંકાર સાથે જોડીએ તો કર્તા-ભાવ જીવંત રહે છે. ભક્તિ કોઈ સોદો નથી,પ્રેમની પસંદગી છે,જ્યાં પ્રયાસ રહે છે પરંતુ દાવો રહેતો નહીં તેથી અરદાસ એ જ છે કે પોતાની બધી વ્યાખ્યાઓ છોડીને એવું જીવન જીવીએ કે જ્યાં વચન,સેવા,સુમિરણ અને સત્સંગ સ્વભાવ બની જાય કારણ કે ભક્તિ પોતાની વ્યાખ્યા પર આધારીત હોય તો તે ભક્તિ નથી.

સદગુરૂ માતાજીએ માતા સવિન્દરજી તથા રાજમાતાજીના જીવનને ભક્તિ,સમર્પણ અને નિઃસ્વાર્થ સેવાનું જીવંત પ્રતિક ગણાવતાં કહ્યું હતું કે આ માતૃશક્તિઓનું સંપૂર્ણ જીવન નિરંકારી મિશન માટે એક શ્રેષ્ઠ ઉદાહરણ છે,જે દરેક શ્રદ્ધાળુને સેવા અને સમર્પણની પ્રેરણા આપે છે. નિરંકારી મિશનનો મૂળ સિદ્ધાંત એ જ છે કે ભક્તિ પરમાત્મા તત્વને જાણીને જ પોતાના વાસ્તવિક અને સાર્થક સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે.સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના અમૂલ્ય પ્રવચનોએ શ્રદ્ધાળુઓને બ્રહ્મજ્ઞાનના માધ્યમથી ભક્તિના વાસ્તવિક અર્થને સમજવા તથા તેને પોતાના દૈનિક જીવનમાં અપનાવવાની પ્રેરણા આપી.

# જામનગર જિલ્લામાં ૧૩ ફેબ્રુઆરી સુધી પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસની ઊજવણી

જામનગર : જામનગર જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૪/૧ થી તા.૧૩/૨ સુધી "પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન જામનગરની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત લોકો દ્વારા પ્રાણી કલ્યાણનો પ્રચાર તથા પશુપાલન અને પ્રાણી કલ્યાણ જાગૃતિ માસ-૨૦૨૬ની ઉજવણી કરવા નાયબ પશુપાલન નિયામકશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ સમય દરમ્યાન પશુપાલન ખાતા/સંસ્થાઓ દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ, એન્ટી રેબીસ કંટ્રોલ પ્રોગ્રામ, તાલીમ, શિબિર કરવામાં આવનાર છે. જેમાં પ્રાણી કલ્યાણ અને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, પ્રાણી કલ્યાણ તથા પ્રાણી કૃરતા નિવારણ અંગેના કાયદા, દયા રાખવા મહત્વ આપવું અને પ્રાણીઓની આપણા જીવનમાં ઉપયોગીતા વિશે ચર્ચાઓ તેમજ સૂચન તથા માર્ગદર્શન આપવામાં આવશે.

રસ્તામાં રખડતા પ્રાણીઓ ખોરાકમાં પ્લાસ્ટીકની કોથળીઓ ખાય છે. તેથી આવી કોથળીઓ ખાવાના કારણે પશુના આરોગ્યને ખૂબજ નુકસાન થાય છે. કેટલાક સંજોગોમાં પશુનું મૃત્યુ પણ થવાની શક્યતા રહેલ છે. માટે સૌ નાગરીકો ઘરનો કચરો, રસોડાનો વધેલો ખોરાક એઠવાડ પ્લાસ્ટીકની કોથળીમાં ભરીને જાહેર રસ્તા પર ન ફેંકવા તેમજ ફળો અને શાકભાજીના વેપારીઓ દ્વારા વપરાતી પ્લાસ્ટિકની થેલીઓ કચરા સાથે ન નાંખવા સભ્યસચિવશ્રી પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી તથા નાયબ પશુપાલન નિયામકશ્રી જિલ્લા પંચાયત જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જોડિયા ભૂંગામાં કચરો અનિમિત ઉપડતા જાહેરમાં કચરાના ગંજ જામ્યા



જામનગર : શહેરના વોર્ડ નંબર-૧ના બેડી-જોડીયા ભુંગાના જુદા-જુદા વિસ્તારોમાં ગુરુવારથી ભુગર્ભ ગટર છલકાવાના કારણે રાહદારીઓ અને રહેવાસીઓને હાલાકી સર્જાઈ છે. ચાર દિવસથી તંત્રને ફરિયાદ કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ ન હોવાનો સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો છે.

શહેરના પ્રથમ વોર્ડ એવા વોર્ડ નંબર-૧માં બેડી-જોડીયા ભુંગા, માધાપર ભુંગા સહિતનો વિશાળ વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં અવાર-નવાર ગટરો છલકાવાની અને કચરો લેવાની ગાડી ન આવતી હોવાની ફરિયાદો ઉઠે છે. ગત ગુરુવારથી વોર્ડના જોડીયા ભુંગા, ઈકબાલ ચોક, રામ મંદિર સામેના ભાગ સહીતના વિસ્તારમાં ભુગર્ભગટરના પાણીની રેલમછેલ સર્જાઈ છે. વિસ્તારના કાર્યકર અનવરભાઈ સંઘાર દ્વારા ગુરુવારથી રવિવારની સવાર સુધીમાં મહાનગરપાલિકાના ભુગર્ભ શાખાના અધિકારી ઋષિ વાઢેર, વિસ્તારના સેનેટરી ઈન્સ્પેક્ટર રાજુ દત્તાણી, સબ સેનેટરી ઈન્સ્પેક્ટર આશિષ મકવાણાને ફરિયાદ માટે ફોન કરવામાં આવ્યા છતાં કોઈએ ફોન રીસીવ ન કર્યાની ફરિયાદ ઉઠી છે. છતાં ચાર દિવસથી કોઈ પગલા લેવાતા રવિવારે સવારે પણ સ્થિતિ યથાવત રહેતા ફરી મ્યુ. તંત્રને ફરિયાદ કરીને વિસ્તારમાંથી ગંદા પાણીની સમસ્યા દુર કરવા રજુઆત કરવામાં આવી છે. બેડી વિસ્તારનમાં વારંવાર સર્જાતા ભુગર્ભગટર છલકાવાના આ પ્રશ્નને ઉકેલવામાં લોક લાગણી છે.

# સલાયા વિધાર્થીઓ માટે જાદુગરનો ખેલ યોજાયા



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા બંદર રોડ શાળાના આચાર્ય રણજીતભાઇ પટેલ તેમજ કન્યા શાળાના આચાર્ય વીણાબેન હડિયલના સૌજન્યથી પ્રખ્યાત જાદુગર હકુભાનો જાદુની કલાનો એક કાર્યક્રમ સલાયા લોહાણા મહાજન વાડીમાં યોજાયો હતો.જેમાં કુલ ૫૪૦ જેટલા વિધાર્થી બાળકોએ લાભ લીધો હતો અને મનોરંજન સાથે અંધશ્રદ્ધા વિશે એમને જાગૃત કરાયા હતા.આમ અહીં ઘણા વર્ષો બાદ જાદુગરનો કાર્યક્રમ થતા બાળકોમાં પણ ઉત્સાહ હતો.આ સુંદર આયોજન બદલ બંને આચાર્યશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

# ભારત વિકાસ પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ ઉજવાઈ








જામનગર : તા.૧૨/૧/૨૦૨૬ યુવા દિવસ નિમિત્તે સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતી પ્રસંગે સંસ્થા તરફથી શાળા નંબર ૧૮ પાણાખાણ ખાતે એક ક્વિઝ સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદજીના જીવન અને કવન પર આધારિત રાખવામાં આવેલ હતું. જેમાં સંસ્થાના પર્યાવરણ સંયોજક તેમજ આ કાર્યક્રમના સંયોજક એવા નીરેનભાઈ છોટાઈ દ્વારા ક્વિઝનું સંચાલન કરવામાં આવેલ હતં. આ પ્રસંગે સંસ્થાના સંસ્કાર સંયોજક ડાહ્યાભાઈ સોનગરા પ્રસંગિક ઉદબોધન કરેલ તેમજ સૌરાષ્ટ્ર પ્રાંતના સંસ્કાર સંયોજક ધર્મેન્દ્રભાઈ રાવલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કરેલ. આ પ્રસંગે શાળાના આચાર્ય દીપકભાઈ પ્રાગડા દ્વારા સંસ્થાના અધિકારીઓનો પરિચય આપેલ હતો. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે સ્વામીજીની જીવન વિશે એક પુસ્તિકા તેમજ પેન ઈનામ સ્વરૂપે વિદ્યાર્થીનીઓને આપવામાં આવેલ. આશરે ૪૦૦ વિદ્યાર્થીનીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# બેટી બચાવો સંદર્ભે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર




જામનગર : જામનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ અને મહિલા બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત જિલ્લાના તાલુકા હેલ્થ ઓફિસર્સ, મેડિકલ ઓફિસરો, તાલુકા સુપરવાઈઝરો અને આરોગ્ય વિભાગના અધિકારીઓ માટે ઝ ્ દ્દહ્ એક્ટની જાગૃતિ માટે અને કાયદાકીય માર્ગદર્શન મળી રહે તે હેતુથી જિલ્લા કાનુની સત્તા સેવા મંડળના એડિશનલ સિનિયર સીવિલ જજ એ. એમ. શુક્લા દ્વારા કાયદાકીય માર્ગદર્શન, લિંગ પરીક્ષણ, ગર્ભપાત વગેરે વિષયો પર મુદ્દાસર ચર્ચા કરી હતી. તેમજ આ પ્રકારની કામગીરીમાં સંકળાયેલા જિલ્લાના તબીબોને PC PNDT એક્ટની અમલવારી અંગે થતી મુશ્કેલીઓ બાબતે જરૂરી યોગ્ય માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ સેમિનારમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો નૂપુર પ્રસાદ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો પુજાબેન ડોડીયા,જિલ્લા ક્ષય અધિકારી ડો પંકજકુમાર સિંઘ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો રાજેશ ગુપ્તા, રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. જયેશ પટેલ, જિલ્લા આઈ ઈ સી અધિકારી નીરજ મોદી, મહિલા બાળ અધિકારી ની કચેરીના બંસીબેન ખોડિયાલ, યજ્ઞેશ ખરેચા તથા તાલુકા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અલિયાબાડાની વિદ્યાલયમાં સાયબર ક્રાઈમ અવેરનેશ કાર્યક્રમ યોજાયો







જામનગર : જામનગર સાયબર ક્રાઈમ પોલીસ વિભાગની ટીમ દ્વારા રાજકોટ વિભાગના આઇ.જી.પી. અશોક કુમાર યાદવ તથા જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ અલિયાબાડાની દરબાર ગોકળદાસ શિક્ષણ મહાવિધાલયમાં સાયબર ક્રાઈમ અવેરનેશ સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સાયબર સેલના પો.ઈન્સ. આઈ.એ.ધાશુરાએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમીનારમાં દરબાર ગોકળદાસ શિક્ષણ મહાવિધાલય અલીયાબાડાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા ૫ શિક્ષકોને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ જેવા કે, વીશીંગ કોલ, ફીશીંગ કોલ, કેક શોપીંગ વેબસાઇટ, ઈન્સ્ટન્ટ લોન ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ટાસ્ક ફ્રોડ વિગેરે બાબતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપીને સાયબર ફ્રોડ વિશે માહીતગાર કર્યા હતા, તથા તેમાંથી બચવાના ઉપાયો અંગેની મહત્વપુર્ણ ચર્ચા તથા માગદર્શન આપવામાં આવ્યું હતું. આ સેમીનાર દરમ્યાન વોટ્સઅપ, ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ તેમજ અન્ય સોશિયલ મીડિયા વેબસાઇટસના સિક્યુરિટી સેટીંગ તથા ઈન્ટરનેટની સુરક્ષા વિશેની માહિતી અપાઈ હતી. તે ઉપરાંત જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના સોશિયલ મિડિયા એકાઉન્ટ વિશે માહીતી આપીને લોકોને સાયબર ફ્રોડની નવિન ઘટનાઓ વિશે સતત માહીતગાર રહેવા માટે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન જામનગરની વોટ્સઅપ ચેનલ પર જોડાવવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું પ્રેઝન્ટેશન પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.કે.ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે પોલીસ હેડ કોન્સ હિરલબેન તથા પોલીસ કોન્સટેબલ જોનાબેન હાજર રહ્યા હતા.